ખરેખર દુનિયા મીઠી અને લીલીછમ છે, અને અલ્લાહ તમારા માથી પોતાના ઉત્તરાધિકારી બનાવે છે, જેથી તે જોઈ લે કે તમે કેવા કાર્યો કરો છો, જેથી તમે દુનિયા અને સ્ત્રીઓથી સચેત રહો

અબૂ સઈદ ખુદરી રઝી અલ્લાહુ અન્હુ નબી صلى الله عليه وسلم દ્વારા રિવાયત કરે છે કે નબી صلى الله عليه وسلم એ કહ્યું:
«ખરેખર દુનિયા મીઠી અને લીલીછમ છે, અને અલ્લાહ તમારા માથી પોતાના ઉત્તરાધિકારી
બનાવે છે, જેથી તે જોઈ લે કે તમે કેવા કાર્યો કરો છો, જેથી તમે દુનિયા અને સ્ત્રીઓથી
સચેત રહો, ખરેખર બની ઈસ્રાઇલના લોકોમાં સૌથી પહેલો ફિતનો સ્ત્રીઓ દ્વારા શરૂ થયો
હતો».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી صلى الله عليه وسلم જણાવી રહ્યા છે કે ખરેખર દુનિયા સ્વાદમાં મીઠી અને જોવામાં લીલીછમ છે, બસ માનવી તેના ધોખમાં આવી તેમાં વ્યસ્ત થઈ જાય છે અને તેને જ પોતાની મહત્વપૂર્ણ ચિંતા બનાવી લે છે. અને ખરેખર અલ્લાહ આપણાં માંથી કેટલાકને આ દુનિયાના જીવન માટે પોતાના ઉત્તરાધિકારી બનાવે છે, જેથી આપણે જોઈ લઈએ કે શું આપણે તેનું અનુસરણ કરીએ છે કે તેની અવજ્ઞા કરીએ છીએ? ફરી નબી صلى الله عليه وسلمએ કહ્યું: તમે દુનિયાનો સામાન અને તેની સુંદરતા જોઈ ધોખામાં પડી જવાથી બચીને રહો, બસ દુનિયા તમને તે કાર્યો છોડવા પર પ્રોત્સાહિત કરે છે, જેને કરવાનો આદેશ અલ્લાહએ આપ્યો છે અને તે કાર્યો કરવા કહે છે જેનાથી અલ્લાહએ રોક્યા છે. દુનિયાનો સૌથી મોટો ફિતનો જેનાથી બચીને રહેવું જોઈએ તે સ્ત્રીઓનો ફિતનો છે, અને તે જ ફિતનો બની ઇસ્રાઇલના લોકોમાં સૌથી પહેલા આવ્યો હતો.

https://sunnah.global/hadeeth/gu/show/3053